# ઉત્તરાખંડમાં જળપ્રલય : ૩૦ના મોત અનેક લાપતા







નવી દિલ્હી,તા. ૧૭

છેલ્લા ત્રણ દિવસથી સતત પડી રહેલા અતિભારે વરસાદના કારણે ઉત્તરાખંડમાં જળપ્રલયની સ્થિતિ સર્જાઈ રહી છે. હજુ સુધી ૩૦થી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે. ૫૦થી વધુ લોકો લાપતા થઈ ગયા છે. અનેક મકાનો ધરાશાયી થઈ ગયા છે. ચારધામની યાત્રને બંધ કરી દેવાની ફરજ પડી છે. કેદારનાથ ખીણમાં વાસુકાતાળ વિસ્તારમાં પાણી ભરાઈ જવાના કારણે ૧૧ લોકોના મોત થઈ ગયા છે. ૧૦૦થી વધુ ઘર ધરાશાયી થઈ ગયા છે. અનેક ગામોમાં પાણી ભરાઈ ગયા છે. જટિલ સ્થિતિના કારણે ૩૦ હજારથી વધુ શ્રદ્ધાળુઓ અટવાઈ પડ્યા છે. બચાવ અને રાહતકામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. રાહત કામગીરીમાં આઈટીબીપી, એસએસબી અને સેનાને બોલાવવામાં આવી છે. ઉત્તરાખંડના બીજા વિસ્તારમાં પણ ભારે વરસાદના કારણે ભારે નુકસાન થયુ છે. રૂદ્રપ્રયાગમાં પણ હાલત કફોડી બનેલી છે. મોટા ભાગની નદીઓ ભયજનક સ્તરથી ઉપર પહોંચી છે. ઉત્તરકાશીના અનેક ગામના લોકો પોતાના ઘર છોડીને સંબંધીઓના ત્યાં પહોંચી ગયા છે. સેંકડો ગામોના સંપર્ક તૂટી ગયા છે. મળેલી માહિતી મુજબ ઉત્તરાખંડમાં આશરે ૪૦ હજારથી વધુ યાત્રીઓ માર્ગો પર જુદી જુદી જગ્યાઓએ ફસાયેલા છે. સત્તાવારરીતે રામબાડામાં ૧૧, દહેરાદુનમાં ૭, ઉત્તરકાશીમાં ૭ લોકોના મોત થઈ ચુક્યા છે. ચમોલીમાં ૨૦ ગાડીઓ પાણીમાં તણાઈ ગઈ છે. વિજળી અને મોબાઈલ સેવા ઠપ થઈ ચુકી છે. કેદારનાથના રામબાડામાં વાદળ ફાટવાથી ૫૦ લોકો લાપતા થયા છે. હેલિકોપ્ટર દ્વારા મદદ લેવામાં આવી રહી છે. જુદી જુદી જગ્યાઓએ હજારો લોકો ફસાયેલા છે. જેમાં બદ્રિનાથમાં ૧૦ હજાર, કેદારનાથમાં પાંચ હજાર, હેમકુંડમાં બે હજાર, ઉત્તરકાશીમાં ૧૮ હજાર અને ઘાઘરીયામાં ૬ હજાર યાત્રીઓ ફસાયેલા છે.

ઉત્તરાખંડમા અતિ ભારે વરસાદનાકારણે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ચાર ધામની યાત્રાને પણ રોકી દેવાની ફરજ પડી છે. છેલ્લા ચોવીસ કલાકમાં સતત ચાલુ રહેલા ભારે વરસાદના કારણે ભેખડ ધસી પડવાના બનાવો બન્યા છે જેથી ચાર ધામની યાત્રાને પણ રોકવામાં આવી છે. હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ અટવાઈ પડ્યા હોવાનું જાણવા મળ્યું છે. ગઢવાલ ડિવિઝનમાં બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમનોત્રીની યાત્રા રોકવામાં આવી છે. ઉચ્ચસ્તરીય સૂત્રોએ કહ્યું છે કે ઋષીકેશ, ગંગોત્રી, દહેરાદૂન-યમનોત્રી, ઋષીકેશ-બદ્રીનાથ અને ઋષીકેશ-કેદારનાથ રાષ્ટ્રીય હાઈવે ઉપર ૨૫ સ્થળોએ ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે. આ યાત્રા ૧૩મી જૂનના દિવસે શરૂ થઈ હતી.

ભારે વરસાદના કારણે ૧૪થી વધુ લોકોના મોત થયા છે. ચમોલી અને રૂદ્રપ્રયાગ જિલ્લામાં અલખનંદા અને મંદાકીની નદી ઉપર બનાવવામાં આવેલા છ બ્રીજ તૂટી પડ્યા હોવાનું જાણવા મળ્યું છે. મોટી સંખ્યામાં ગુજરાતી શ્રદ્ધાળુ સહિત ૧૨૦૦૦થી વધુ પ્રવાસી અન્ય શ્રદ્ધાળુ અટવાઈ પડ્યા છે. સામાન્ય જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. દહેરાદૂન અને ઋષીકેશ, હરિદ્વાર, હરદ્વાની, ઉધમસિંગ નગર જેવા અન્ય શહેરોમાં ભારે વરસાદ જારી રહ્યો છે. ઉત્તરાખંડ સરકારે એલર્ટની જાહેરાત કરી દીધી છે. ઘણી જગ્યાએ મકાન ધારાશાયી થવાના બનાવો પણ બન્યા છે. ઉત્તરાખંડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે ૪૦ હજાર પ્રવાસી અને સેંકડો ખાનગી બસો જુદાજુદા સ્થળો ઉપર અટવાઈ પડી છે. ઋષીકેશ-ગંગોત્રી અને દહેરાદૂન-યમનોત્રી નેશનલ હાઈવે ઉપર આ પ્રવાસીઓ નવ સ્થળો ઉપર અટવાયા છે. ૨૦૦ જેટલા પ્રવાસી અને શ્રદ્ધાળુ ઋષીકેશ-બદ્રીનાથ અને ઋષીકેશ-કેદારનાથ હાઈવે ઉપર અટવાયા છે. અટવાઈ પડેલા લોકોને સુરક્ષિત રીતે ખસેડવા માટે જવાનો પણ તૈનાત કરવામાં આવ્યા છે. જાણકાર સૂત્રોનું કહેવું છે કે યાત્રા માર્ગને બંધ કરવામાં આવ્યા બાદ શ્રદ્ધાળુઓમાં નિરાશા પ્રવર્તી રહી છે. જૂન સુધી સામાન્ય રીતે ઉત્તરાખંડમાં મોનસૂન પહોંચે છે પરંતુ આ વખતે વહેલી તકે મોનસૂનની એન્ટ્રી થઈ ગઈ છે. બે સપ્તાહ પહેલા મોનસૂન પહોંચી જતા મુશ્કેલરૂપ સ્થિતિ સર્જાઈ ગઈ છે. આગામી ૪૮ કલાકમાં અતિ ભારે વરસાદ થઈ શકે છે.

## ભારે વરસાદને કારણે કૈલાસ માનસરોવારની યાત્રા સ્થગિત

દહેરાદુન,તા. ૧૭

ઉત્તરાખંડમાં ભારે વરસાદ અને જમીન ધસી પડવાને કારણે દર વર્ષે યોજાતી કૈલાસ માનસરોવર યાત્રા સ્થગિત કરી દેવામાં આવી છે. આઈટીબીપીનાં એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે જમીન ધસી પડવાને કારણે તથા ભારે વરસાદને ધ્યાનમાં રાખીને ઉત્તરાખંડનાં બુદ્ધીમાં યાત્રા રોકી દેવામાં આવી છે. તિર્થ યાત્રીઓ જુદા જુદા સ્થળો પર ફસાઈ ગયા છે. જે લોકો જ્યાં ફસાયા છે ત્યાં જ રોકાઈ જવાનું જણાવી દેવામાં આવ્યું છે કારણ કે આગળનાં માર્ગો પર પરિસ્થિતિ તેના કરતાં વધુ કઠિન છે. પરિસ્થિતિ સામાન્ય બન્યા બાદ ફરીથી રસ્તાઓ અવર-જવર માટે ખોલી દેવામાં આવશે. કૈલાસ માનસરોવરની યાત્રા અને તીર્થ યાત્રીઓની દેખરેખ ભારત-તિબેટ સીમાની પોલીસ એટલે કે આઈટીબીપી કરી રહ્યું છે. ગત સપ્તાહ તિબેટ જવા માટે શરૂ થયેલી આ વર્ષની તીર્થ યાત્રા બાદ દિલ્હીથી ૫૩ તીર્થ યાત્રાળુઓની પહેલી ટુકડી કાઠગોદામ પહોંચી ગઈ છે.

# મનમોહનસિંહ કેબિનેટનું વિસ્તરણ

નવી દિલ્હી,તા. ૧૭

મનમોહનસિંહ કેબિનેટનું આજે વિસ્તરણ કરવામાં આવ્યુ હતુ. ધારણા પ્રમાણે જ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી પહેલા કેબિનેટમાં આઠ નવા ચહેરાઓને સામેલ કરવામાં આવ્યા છે. ચાર વર્ષના લાંબા ગાળા બાદ સીસરામ ઓલા અને ઓસ્કાર ફર્નાન્ડિજની એન્ટ્રી થઈ છે. ગિરજા વ્યાસ અને કેએસ રાવની સાથે ઓલાને કેબિનેટ પ્રધાન તરીકે સામેલ કરવામાં આવ્યા છે. ઓલા અને ફર્નાન્ડીજ યુપીએ-૧માં પ્રધાન તરીકે હતા પરંતુ યુપીએ-૨માં તેમને જગ્યા મળી શકી ન હતી. સીસરામ ઓલાને કેબિનેટનું વિસ્તરણ કરવામાં આવ્યા બાદ શ્રમ અને રોજગાર ખાતુ આપવામાં આવ્યુ છે જ્યારે ઓસ્કાર



ફર્નાન્ડીજને માર્ગ અને રાજમાર્ગ ખાતુ આપવામાં આવ્યુ છે. ગિરજા વ્યાસ ને આવાસ, શહેરીવિકાસ અને ગરીબી નાબુદી માટેની જવાબાદરી સોંપવામાં આવી છે. માણેકરાવ ગોવીતને સામાજિક ન્યાય અને અધિકારીતા,

### કોને કયુ ખાતુ ફાળવાયુ

| નામ | ખાતુ |
|---|---|
| **કેબિનેટ પ્રધાન** | |
| સીસરામ ઓલા | શ્રમ અને રોજગાર |
| ઓસ્કાર ફર્નાન્ડિજ | માર્ગ અને રાજમાર્ગ |
| ગિરજા વ્યાસ | આવાસ, શહેરી વિકાસ |
| કે એસ રાવ | ટેક્સટાઈલ્સ |
| **રાજ્યપ્રધાન** | |
| માણિકરાવ ગાવીત | સામાજિક ન્યાય અને અધિકારીતા |
| સંતોષ ચૌધરી | આરોગ્ય અને પરિવાર પ્રધાન |
| **એમઓએસ પ્રધાન** | |
| જેડીસ સિલમ | નાણાં |
| ઈએનએસ મચિયપ્પન | વાણિજ્ય અને ઉદ્યોગ |

સંતોષ ચૌધરીને આરોગ્ય અને પરિવાર કલ્યાણના રાજ્યપ્રધાન તરીકે સામેલ કરવામાં આવ્યા છે. જેડી સિલામને કેન્દ્રિય નાણાં રાજ્ય મંત્રીની જવાબદારી સોંપાઈ છે. ઈએનએસ મેચીયપ્પનને વાણિજ્ય અને ઉદ્યોગની જવાબદારી સોંપવામાં આવી છે.

વિસ્તરણ અને ફેરરચના હાલમાંજ કેટલાક પ્રધાનોના રાજીનામાના કારણે કરવાની ફરજ પડી છે. ડીએમકેના પ્રધાનોએ રાજીનામા આપ્યા હતા સાથે સાથે પવનકુમાર બંસલ, અશ્વિનીકુમાર, અજય માકન અને સીપી જોષીનો સમાવેશ થાય છે. આ લોકોએ પણ રાજીનામા આપ્યા હતા. કોંગ્રેસે ગઈકાલે મોટા પાયે સંસ્થાકીય ફેરફાર કર્યા હતા. રાહુલ ગાંધીની મંજુરીથી આ ફેરફાર કરાયા હતા. લોકસભાની ચૂંટણી આડે વધારે સમય નથી ત્યારે યુપીએ-૨માં આને છેલ્લા કેબિનેટ વિસ્તરણ તરીકે જોવામાં આવે છે. ઓક્ટોબર બાદ બીજી વખત કેબિનેટનું વિસ્તરણ કરાયુ છે. આની સાથે જ મનમોહનસિંહ કેબિનેટનું સંખ્યાબળ વધીને ૭૭ ઉપર પહોંચ્યુ છે. ઉપપ્રમુખ તરીકેની જવાબદારી રાહુલે સંભાળ્યાના પાંચ મહિના બાદ કેબિનેટનું વિસ્તરણ કરાયુ છે. કેબિનેટમાં વિસ્તરણની સાથે સાથે પુનઃરચના પણ કરાઈ છે. મલ્લિકાઅર્જુન ખરગેને નવા રેલવે પ્રધાન બનાવાયા છે. ૭૧ વર્ષીય ખરગેને મહત્વની જવાબદારી સોંપાઈ છે. રાષ્ટ્રપતિભવનમાં આયોજિત શપથવિધિમાં પ્રણવ મુખર્જીએ તમામને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.

## ગઠબંધન વિશ્વાસનાં આધાર પર કાર્ય કરે છે : રાજનાથસિંહ

નવીદિલ્હી, તા. ૧૭

ભારતીય જનતા પાર્ટી (ભાજપા) સાથે જોડાણ તુટ્યા બાદ તુરંત જનતાદળ (યુનાઈટે)ની ઝાટકણી કાઢતા



પક્ષના અધ્યક્ષ રાજનાથસિંહે જણાવ્યું હતું કે ગઠબંધન વિશ્વાસનાં આધારે કાર્ય કરે છે. તેઓ ભાજપના યુવા સંમેલનને સંબોધીત કરી રહ્યા હતા.

રાજનાથસિંહે જણાવ્યું હતું કે ૨૦૦૦માં ભાજપનાં માત્ર ૬૭ ધારાસભ્ય હતા અને જદ(યુ)નાં માત્ર ૩૪ ધારાસભ્ય હતા. ત્યારે અમે જણાવ્યું હતું કે જદ(યુ) અમારા નાના ભાઈ સમાન છે. બિહારમાં મુખ્યમંત્રી જદ(યુ)માંથી હોવા જોઈએ. અમે નીતિશકુમારનો મુખ્યમંત્રી તરીકે સ્વિકાર કરી લીધો હતો. રાજનાથસિંહે પ્રશ્નો કર્યો હતો કે જદ(યુ)એ જોડાણ કેમ તોડ્યું ? અમારી શું ભુલ હતી ? જદ(યુ)એ અમારા ૧૭ વર્ષનાં ભાવનાત્મક સંબંધોનો અંત આણી દીધો છે. તેમણે ગુજરાતનાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ૨૦૧૪ની સામાન્ય ચૂંટણી માટે પક્ષ દ્વારા મોદીને ચૂંટણી પર પ્રચાર સમિતિનાં પ્રમુખ બનાવવાનાં ભાજપના નિર્ણયનો બચાવ કર્યો હતો.

## કોલ અને એસએમએસ માટે રોમીંગ ચાર્જમાં ઘટાડો

નવી દિલ્હી,તા. ૧૭

ટેલિકોમ રેગ્યુલેટરી ટ્રાઈએ આજે કોલ અને એસએમએસ માટે રોમીંગ ચાર્જમાં ઘટાડો કર્યો હતો પરંતુ હાલના સમયમાં ફ્રી નેશનલ રોમીંગ કરવામાં આવશે નહીં. મોબાઈલ પર હવે સસ્તા રોમીંગની મજા માણી શકાશે. ટ્રાઈએ આજે રોમીંગના કોલ રેટમાં ઘટાડો કરવાના નિર્દેશ આપ્યા છે. રોમીંગમાં હવે ઈનકમીંગ કોલ માટે ૭૫ આપવા પડશે. ટ્રાઈએ એવી સ્પષ્ટતા કરી છે કે હાલમાં દેશમાં સંપૂર્ણપણે મફત રોમીંગની કોઈ સુવિધા મળશે નહીં. કેટલીક શરતોની સાથે નેશનલ રોમીંગના પ્લાન લાવવામાંઆવી રહ્યા છે. જેમાં રોમીંગ પર ઓછો ખર્ચ આવશે. આ પ્લાનને પહેલી જુલાઈ ૨૦૧૩થી અમલી બનાવવામાં આવશે. ટ્રાઈએ નેશનલ રોમીંગ કોલ અને એસએમએસને લઈને નવા આદેશો જારી કર્યા છે જે મુજબ નવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. કોલ રેટની સાથે સાથે એસએમએસના રેટમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે. દેશભરમાં આઉટગોઈંગ રોમીંગ પર એસએમએસના રેટ ૧.૫૦ રૂપિયા પ્રતિ એસએમએસ અને લોકલ આઉટગોઈંગ રોમીંગ પર એસએમએસના રેટ ૧ રૂપિયો પ્રતિ એસએમએસ કરવામાં આવ્યો છે. ઈનકમીંગ એસએમએસને ફ્રી રાખવાનો નિર્ણય કરાયો છે.

## સમાચાર ઝલક

- ચારધામ યાત્રામાં ૨૫૦૦૦ લોકો ફસાયા, ભારે વરસાદથી કેદારનાથની યાત્રામાં રૂકાવટ.
- અમદાવાદ આરટીઓ કચેરીમાં વીજળી બંધ થતા કર્મચારીઓમાં રોષ.
- સૌરાષ્ટ્રમાં બારે મેઘ ખાંગા; જૂનાગઢ, સુરેન્દ્રનગરમાં ધોધમાર વરસાદ.
- ઉત્તરપ્રદેશ, દિલ્હી, ગુડગાંવમાં વરસાદથી જનજીવન પ્રભાવિત.
- મુંબઇ મહાનગર પાલિકાના કર્મચારીઓ હડતાળ પર.
- આસામમાં દેખાવો, પોલીસ લાઠીચાર્જ, સંક્રાત ખૂન સંદર્ભમાં આંદોલન.
- ઇરાકમાં ૧૦ કાર બોંબ ધડાકામાં ૨૪ વ્યક્તિઓનાં મોત.
- રૂપિયો તૂટતાં એ.સી. મોંઘા બનશે.
- વેનેઝુએલામાં અન્ન સમસ્યા ઘેરી બનતા, દરેક વસ્તુનું રેશનીગ...
- ભ્રષ્ટાચાર સામે લડતની જરૂર છે : અન્ના હજારે.
- વરસાદથી ગામડાઓમાં મચ્છરજન્ય રોગચાળાની ગંભીર દહેશત, તાવ, શરદી, ઝાડાના દર્દીઓ વધ્યા.
- ચેકથી લાંચ લેવાનો ગુજરાતનાં ઇતિહાસમાં વડોદરાનો અજોડ પહેલો કિસ્સો.
- દાનની રકમ ચોક્કસ હેતુ માટે ન વપરાય તો ટ્રસ્ટોને ટેક્ષ લાગશે, આયકરની નવી જોગવાઇ.
- પ્રામાણિકતાને પરિવાર મુસીબત માનતા હતા, કેન્દ્રમાં કલાસ વન અધિકારી બન્યો ભિખારી?
- ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથક વિશ્વના ૧૯૯ એરપોર્ટોમાં શ્રેષ્ઠ છે, છતાં પાણી ભરાયા...!
- ઉત્તરપ્રદેશની હાઇકોર્ટે ઉચ્ચ અધિકારીને એક સપ્તાહ બાળગૃહમાં રહેવાની અનોખી સજા ફટકારી.
- વેઇટીંગ લીસ્ટ નાબૂદી કરી લોટરીથી રેલ્વે ટિકીટ અપાશે.
- મુંબઇમાં સાઇબર ક્રાઇમમાં ૨૧૮ % નો વધારો થયો.
- પુરતો સ્ટોક મળતો ન હોવાથી, રેશનીંગની સસ્તા અનાજની દુકાનો બંધ થવાને આરે.

## મોંઘેરા મોતી (પાના નં. ૪ નું ચાલુ)

અહીં એક સુવિચાર પ્રસ્તુત છે.

પગની કિંમત નથી, કિંમત છે ગતિની,
પદ્ધતિની કિંમત નથી, કિંમત છે તેને
અપનાવી મેળવેલ પ્રગતિની.

સેવાભાવી, સદા ધબકતા શ્રી કાંતિભાઈ ક્યાં નથી. સર્વત્ર દેખાય તેઓ એકવીસ વર્ષથી ઊમિયા યુવા સોશ્યલ ગૃપમાં હજારો સ્વયં સેવકોને સાથે રાખી સૌરાષ્ટ્રની હજારો બહેનોને માત્ર બસ્સો રૂપિયાના માસિક હપ્તે સિવણ સંચાલન આપી સ્વ-નિર્ભર બનાવે તો જયારે જયારે કુદરતી આપતિમાં પૂર, ભૂકંપ, દુષ્કાળની ક્ષણે પહેલા ઊભા હોય. આર્થિક પછાત બાળકોને નોટબુક, પુસ્તક અને ચોપડા આપી તેમની અભ્યાસ રૂચિ વધારે છે. ગૌશાળામાં ઘાસચારો, પંખીઓને ચણ, કુંડાની વ્યવસ્થા થાય છે.

માનવજીવનની રક્ષા અર્થે રક્તદાન કેમ્પ યોજાય છે. તો માનવ મનોરંજન માટે, યુવા માટે વડીલોના સાનિધ્યમાં સંસ્કાર અને ગરિમાપૂર્ણ સંસ્કૃતિથી સભર રાસોત્સવમાં દુધ-પૌઆનો આસ્વાદ હોય છે તો યુવાનો ભાતીગળ સંસ્કૃતિ જાણે, માણે અને ભૂલે નહીં તે માટે લોકડાયરા ગોઠવાય છે. ઊચ્ચ શિક્ષણ પ્રાપ્ત થાય તે હેતુથી પિસ્તાલીસ હજાર જેવી માતબર સહાય વિદ્યાર્થીઓને અપાય છે.

દુ:ખદ પ્રસંગ પરિવારને સાંત્વના મળે તે માટે ઊમિયા કિર્તન મંડળ પ્રવૃત્ત છે.

આજે યુવાનોને યોગ્ય દિશા મળે, મનોરંજન મળે તેવા આશથી યુ.વી. કલબની સ્થાપના કરી સમગ્ર સૌરાષ્ટ્રમાં આદર્શ નમુના રૂપ નવરાત્રિ મહોત્સવ થાય છે. વડીલોની ઉપસ્થિતિમાં પરંપરાગત વેશમાં, માન-મર્યાદા વચ્ચે એકવીસમી સદીના યુવક-યુવતીઓ રાજકોટ ૧૫૦ ફૂટ રીંગરોડ, નંદનવનમાં મ્હાલે છે. આ સ્વપ્નું શ્રી કાંતિભાઈએ સાકાર કર્યું છે. સૌરાષ્ટ્રના કોઈપણ સમાજની બહેનો હજારોની સંખ્યામાં સુરક્ષા સાથે, મુક્ત મને રમી શકે તેવી વ્યવસ્થા છે.

આવા અનેક સુંદર સેવા ,શિક્ષણના કાર્યોમાં બાનલેખના શ્રી મૌલેશભાઈ ઉકાણી, ફિલ્મ માર્શલના શ્રી અરવિંદભાઈ પટેલ, રાધે ગૃપના શૈલેષભાઈ મકવાણા, હાઈબો સિમેન્ટના શ્રી ભૂપતભાઈ પાચાણી ,બેકનોનના શ્રી જવાહરભાઈ મોરી, આર્કિટેકટશ્રી એમ.એમ. પટેલ, બિલ્ડર્સ શ્રી સ્મિતભાઈ કનેરીયા, કલાસિક નેટવર્ક શ્રી મહેન્દ્રભાઈ એડવોકેટ જેવા પ્રતિભાવંતના સહકારથી શ્રી કાંતિભાઈ ખૂબજ પ્રિય બન્યા છે.

નીલકંઠ એજ્યુકેશનમાં ચેરમેન કલબ યુવી અને ગૃપના ટ્રસ્ટી, ઊમિયા માતાજી મંદિર સંસ્થાન, રાજકોટ શહેરના કન્વીનર, ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા રાજકોટના પૂર્વ મંત્રી, પાટીદાર યુવા ગૃપ વોર્ડ નં-૨૦ના મુખ્ય આયોજક, સ્વામી નારાયણ ચોક વેપારી એસોસીએશનના અગ્રણીશ્રી, વિજયપુરા વિદ્યાસંકુલ, સિદ્સરના કારોબારી સભ્ય, ઊમિયા યુવા ચેરીટેબલ ટ્રસ્ટના સ્થાપક ટ્રસ્ટીશ્રી અને બહુમુખી પ્રતિભાના માલિક શ્રી કાંતિભાઈ ભલે આઠ ચોપડી જ ભણ્યા છે પણ ગણ્યા છે ખૂબ.

શ્રી એસ.કે. હોસ્ટેલ, માલવિયા કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ. ફોન નં. (૦૨૮૧)૨૩૭ ૭૧૧૪ મો. ૯૦૯૯૦૧૧૦૨૦ કાર્યરત છે. પણ શ્રી કાંતિભાઈ અને મધુબેનની હોસ્ટેલમાં નિવાસ કરતા વિદ્યાર્થીઓ પ્રત્યેની ખેવના લાગણી અને સમાજ તો જુઓ! બંનેએ પોતાનું નિવાસ છાત્રાલયની જ સામે રાખ્યું છે જેથી તેમના વિદ્યાર્થીઓને રાત્રે બે વાગ્યે કોઈ મુશ્કેલી હોય તો દોડીને જઈ શકે.

આ દંપતી ખૂબ જ દીર્ઘાયું મેળવે, સ્વસ્થ પ્રસન્ન રહે અને સદા સમાજ, રાષ્ટ્રની સેવા કરે તેવી શુભેચ્છા સાથે કહીએ.

સુવાસ પ્રેરે છે પુષ્પમાંથી,
જળ વરસે છે વાદળમાંથી
રોશની ફેલાય છે દીપકમાંથી,
શું ફેલાય છે આપણામાંથી?

ઉપરોક્ત પંક્તિનો ઉત્તર એટલે શ્રીકાંતિભાઈ સામાજીભાઈ ઘેટિયાનું જીવન ખરું ને?

ક્રાંતિભાઇનો મો. નં.૯૦૯૯૦૧૧૦૨૦/૯૮૨૪૨૩૭૦૧૪